સુપ્રિમકોર્ટ મેટર/હાઇકોર્ટ મેટર

તાત્કાલિક

ક્રમાક:-મકમ/૧૦૨૦૧૨/૭૮૪૨૨૪/છ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૧/૦૧/૨૦૧૯

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતું,
૧૬, ડો.જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર

વિષય:- SLP against judgment and order dated 5.12.2012 passed by the high Court of Gujarat at Ahmedabad in LPA No.1315/2006 in SCA No.3570/93 with LPA No.1913/07 in SCA No.10484/99SLP© No.17107-17109/2014 અને high Court of Gujarat SCA No.10209/14 તથા SCA No.2321/04 અને high Court of Gujarat SCA No.20764/17ના હુકમ બાબત

સંદર્ભ:- (૧) આપના તા.૧૩/૦૧/૨૦૧૩ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/૧૨-૧૩/૧૮
(૨) આપના તા.૩૦/૦૫/૨૦૧૬ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/૧૬-૧૭/૨૪૩૯
(3) આપના તા.૧૧/૦૭/૨૦૧૬ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/૧૬-૧૭/૩૭૧૨
(૪) આપના તા.૧૫/૦૯/૨૦૧૭ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/૧૭-૧૮/૫૨૬
(૫) આપના તા.૦૮/૦૨/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/હાઇકોર્ટ મેટર/૧૭-૧૮/૩૧૯
(૬) આપના તા.૧૦/૦૪/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/હાઇકોર્ટ મેટર/૧૭-૧૮/૮૦૮
(૭) આપના તા.૨૮/૦૫/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/કોર્ટ મેટર/૧૬૮૦/૧૮-૧૯
(૮) આપના તા.૦૩/૧૦/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/કોર્ટ મેટર/૧૯૯૬/૧૮-૧૯
(૯) આપના તા.૧૬/૧૦/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-સસુખા/ /કોર્ટ ૧૮-૧૯/૩૧૦૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભો પરત્વેના પત્રોથી કરેલ દરખાસ્તોના સંદર્ભે જણાવવાનું કે, સમાજ સુરક્ષા ખાતાની કચેરી હેઠળના ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાના કર્મચારીઓને સરકારી કર્મચારીઓ જેવા સમાન પ્રકારના લાભો આપવા બાબતે નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ દાખલ કરેલ એલ.પી.એ. નં:- ૧૩૧૫/૦૬ ઇન એસ.સી.એ. નં:- ૩૫૭૦/૯૩ વિથ એલ.પી.એ. નં:- ૧૯૧૩/૦૭ ઇન એસ.સી.એ. નં:૧૦૮૪૩/૯૯ વિથ એસ.સી.એ. નં:- ૫૭૮૭/૯૬માં નામ. હાઇકોર્ટ દ્વારા તા.૦૫/૧૨/૨૦૧૨ના રોજ ચુકાદાઓ આપેલ છે. જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ/ઓબઝર્વેશન હોમના કર્મચારીઓને સરકાર દ્વારા ચલાવાતા ઓબઝર્વેશન હોમના કર્મચારીઓને મળતા લાભ મળવાપાત્ર હોવાનો ચુકાદો આપવામાં આવેલ છે અને સરકાર દ્વારા આ સંસ્થાની ગ્રેજ્યુઇટી માટે અનુદાન આપવા પણ જણાવાયેલ પ્રસ્તુત ચુકાદાને સરકારપક્ષે નામ. સુપ્રિમકોર્ટ સમક્ષ એસ.એલ.પી. નં.:- ૧૭૧૦૭ થી ૧૭૧૦૯/૧૪ થી પડકારવામાં આવતાં નામ. સુપ્રિમકોર્ટ દ્વારા તા. ૦૬/૦૭/૨૦૧૭ના હુકમથી ડિસમિસ કરેલ છે.

૨૯
૨૨/૧/૧૯
૨૧/૧/૧૯

આવક ક્રમાંક ૯૯૨
તારીખ 21 JAN 2019
શાખા CPD

Scanned by CamScanner

નાણા વિભાગ દ્વારા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તેઓની તા.૧૩/૦૬/૨૦૧૮ની નોંધથી નામ. હાઇકોર્ટના ચુકાદાની વિગતો ધ્યાને રાખીને વિભાગના તા.૧૨/૦૮/૧૯૯૨ ના ગ્રાન્ટ-ઇન-એઇડ કોડમાં દર્શાવ્યા મુજબ પગાર ભથ્થાના લાભો સરકારી કર્મચારીઓના ધોરણે આપવાના તથા ગ્રેજ્યુઇટી આપવાની મંજુરી આપેલ છે.

નામ. ગુજરાત હાઇકોર્ટના એસ.સી.એ. નં:- ૩૫૭૦/૯૩, એસ.સી.એ. નં:- ૫૭૮૨/૯૬, એસ.સી.એ. નં:- ૧૦૪૮૩/૯૯ તથા એલ.પી.એ. નં:- ૧૩૧૫/૦૬, એલ.પી.એ. નં:- ૧૯૧૩/૦૭ ના ચુકાદામાં કર્મચારીઓને આ લાભો કઇ તારીખથી ચુકવવા તે બાબતે કોઇ સ્પષ્ટતા કરેલ ન હોવાથી નાણા વિભાગના સુચન મુજબ કાયદા વિભાગનો પરામર્શ કરતાં કાયદા વિભાગ દ્વારા નીચે મુજબ મંતવ્ય આપેલ છે.

સામાન્ય રીતે કર્મચારીઓ જે તારીખથી ફરજ ઉપર હાજર થયા હોય તે તારીખથી તેઓની ફરજ સાથે સંકળાયેલા તમામ લાભો ચુકવવાના રહે છે. જેથી, પ્રસ્તુત પ્રકરણની હકીકતો ધ્યાને લેતાં કર્મચારીઓ તેમની નોકરીમાં દાખલ થયા હોય તે તારીખથી લાભો મળવાપાત્ર થાય છે. તે ઉપરાંત જો આ બાબતે કોઇ અસમંજસ હોય તો નામ. અદાલત સમક્ષ કર્મચારીઓને આ લાભો કઇ તારીખથી ચુકવવા તે અંગે સી.એ. ઓફ ક્લેરીફિકેશન કરી શકે છે.

ઉપરોક્ત સમગ્ર વિગતો તેમજ નામ. હાઇકોર્ટના ચુકાદાની વિગતો ધ્યાને લેતાં સમાજ સુરક્ષા ખાતાની કચેરી હેઠળના ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાના કર્મચારીઓને સરકારી કર્મચારીઓ જેવા સમાન પ્રકારના લાભો આપવા બાબતે વિભાગના તા.૧૨/૦૮/૧૯૯૨ના ગ્રાન્ટ-ઇન-એઇડ કોડમાં દર્શાવ્યા મુજબના પગાર ભથ્થાના લાભો સરકારી કર્મચારીઓના ધોરણે આપવાની તથા ગ્રેજ્યુઇટી આપવાની દરખાસ્તને કર્મચારીઓ જે તારીખથી ફરજ ઉપર હાજર થયા હોય તે તારીખથી તેઓની ફરજ સાથે સંકળાયેલા તમામ લાભો ચુકવવાની આથી મંજુરી આપવામાં આવે છે. ઉક્ત કર્મચારીઓને ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ મુજબ CPF યોજના લાગુ પડતી હોઇ રાજય સરકારની પેન્શન યોજના લાગુ પડશે નહી તેમજ તેના લાભ પણ મળવાપાત્ર રહેશે નહી. તેમ છતાં ઉક્ત કર્મચારીઓને આ લાભો કઇ તારીખથી ચુકવવા તે અંગે જો કોઇ અસમંજસ હોય તો નામ. અદાલત સમક્ષ ઉકત કર્મચારીઓને આ લાભો કઇ તારીખથી ચુકવવા તે અંગે સી.એ. ઓફ કલેરીફિકેશન કરવાની દરખાસ્ત કરી શકાય છે.

આ મંજુરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૩/૦૬/૨૦૧૮ની નોંધથી તેમજ કાયદા વિભાગની તા.૦૧/૦૧/૨૦૧૯ની નોંધથી આપેલ મંજુરી અન્વયે આપવામાં આવે છે. આ અંગેના વિધિસરના હુકમો આપની કક્ષાએથી કરવાના રહેશે.

આપનો વિશ્વાસુ

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

- સિલેક્ટ ફાઇલ

Scanned by CamScanner